## હોમિયોપેથીક ચોક્કસ નિદાન, ચિકિત્સા તથા ઉપચાર થઇ શકે તે માટેની જરૂરી માહિતી તથા વિગતો

### <u>લખાણ ની રજૂઆત માટેની સૂચનાઓ</u>

1. યોગ્ય હોમિયોપેથીક ઔષધ શોધવા માટે અનેક પ્રકારની પુષ્કળ વિગતો તથા માહિતી, જેવીકે (1) ફરિયાદ (Complaints) ને વિષે ખાસ કરીને (અ) મુખ્ય ફરિયાદ કે વ્યાધી અને (બ) ગૌણ અથવા અસંબધિત ફરિયાદ વિષે અને (2) દર્દી ના વ્યક્તિત્વ- શારીરીક તેમજ માનસીક બંધારણ વિષે આવશ્યકછે.

2. અપૂરતી માહિતી ઔષધ ની યોગ્ય પસંદગી કરવાનું મુશ્કેલ કરશે માટે તમને ભલામણ કરવામાં આવે છે કે બધી માહિતી તથા વિગતો ગૌણ, અસંબધિત કે ઓછા મહત્વની લાગતી માહિતી પણ વિસ્તાર પૂર્વક આપવી. તમારી વ્યાધી/ ફરિયાદ ઉપર વધારે પ્રકાશ પાડવા જે પ્રશ્નો પૂછવામાં આવશે તે તમે કાગળમાં લખી આપેલી નોંધ પર આધારીત રહેશે. આ માટે તમારો સહકાર અત્યંત આવશ્યક છે. ***અલબત, બધીજ મહિતી  અત્યંત ખાનગી તથા અંગત રહેશે.***

3. લેખીત માહિતી મળ્યા પછી આ મહિતી ની અત્યંત ઝીણવટ પૂર્વક છાણાવાટ કર્યા બાદ તમને તપાસ અને પૂછપરછ માટે બોલાવવામાં આવશે અને પૂછપરછ લાંબો સમય માંગે છે, કારણકે પુષ્કળ વિગતો અકઠી કરી તેને વ્યવસ્થિત તથા પધ્ધતિસર ગોઠવણ તેમજ ઝીણવટ પૂર્વક છાણાવાટ કરવામાં આવે છે, અને ધણી વખત દર્દી ને બીજી કસોટી (Test) માટે બોલાવવાનો જરૂરી બને છે. જેમાં દર્દીને ક્યારેક લખવાનૂં પણ હોય છે. અનુકૂળતા અને સરળતા પ્રમાણે તમારો કેસ રેકોર્ડ (Case-Record) તૈયાર કરશે. એ તૈયાર થયા પછી તેનો અભ્યાસ કરવામાં આવશે. જો અમને એવી પ્રતિતી થશે કે ઉપચાર શરૂ માટે હજૂ વધારે માહિતી ની આવશ્યક્તા છે તો તમને મુલાકાત માટે બીજો અનુકૂળ સમય (Appointment) આપવામાં આવશે.

4. અમારો વિશ્વાસ છે કે તમને શક્ય તેટલો ચોક્કસ અને ઉત્તમ ઉપચાર આપવામાં તમે અમને પુરતો સહકાર આપશો.

### <u>પ્રાથમીક માહિતી</u>

નીચેની વિગતો કાળજી થી લખવા વિનંતી છે.

પુરૂ નામ, જન્મ તારીખ, જાતિ (સ્ત્રી/ પુરૂષ), અપરણિત/ પરણિત કે વિધવા/ છુટાછેડા (Divorce) જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય. શુધ્ધ શાકાહારી/ શાકાહારી પણ ઇંડા લેવામાં બાધ નહિં,/ માંસાહારી. વ્યસન- તમાકું, ધુમ્રપાન,છીંકણી, ચા, કોફી, આલ્કોહોલીક પીણા જેવાકે બીયર તથા અન્ય લીંકર્સ. (ઉપરોક્ત બધા વ્યસનોમાં ના કયા કયા પીંણા કેટલા પ્રમાણમાં અને કેટલા સમયથી છે તેની વિગતવાર માહિતી આપો.)

શૈક્ષણીક કારકીર્દીઃ- અભ્યાસ, ધંધો(કાર્ય/પ્રવૃતિ) અને મેળવેલી સફળતાઓ અને નિષ્ફળતાઓ, આ સાથે તમારી અત્યારની અને પહેલાંની જવાબદારીઓ તથા કાર્ય વિશે સંતોષ/ અસંતોષની સંપૂર્ણ માહિતી આપો. સરનામું તથા ટેલીફોન નંબર (Address & Tel. No.)

હાલના તમારા કૌટુંબીક જીવનનું વર્ણન. કુટુંબના દરેક સભ્યની સંપુર્ણ માહિતી- ઉંમર, સ્થાન, તેમનું કાર્ય, ને તમારો તેની સાથે સંબંધ અને વ્યવહાર તથા તેમના વિષે જવાબદારી. આ નોંધ માં મૃત્યુ પામેલા સગાં-સંબંધીઓ ની માહિતીનો પણ સમાવેશ થવો જરૂરી છે. (મૃત્યુ પામેલાની વિગતમાં મૃત્યુ સમયે તેમની ઉંમર, કયા વર્ષમાં મૃત્યુ થયું અને તેના કારણો.)

તમારી દિનચર્યા વિષે સવિસ્તાર માહિતી આપો- સવાર થી રાત્રે સુવા સુંધીનો સમય તમે કેવીરીતે ગાળો છો. તથા તમારા ખોરાક ના યમ-નિયમ, સમય, પ્રમાણ વગેરેની વિગતો આપો.

આર્થિક જવાબદારી તથા બોજો. હાલની તથા પહેલાંની અનુભવેલી મુશ્કેલીઓ. કાર્ય અને કૌટુંબીક તથા સામાજીક પરિસ્થિતી નુ વર્ણન અત્યંત જરૂરી છે.

### <u>મુખ્ય ફરિયાદ</u>

સૌથી વધુ જે તકલીફ હોય તેનું વર્ણન કરો. પ્રત્યેક તકલીફ વિષે વિગતવાર માહિતી નીચે સુચવ્યા મુજબ આપશો.

બીમારીનું સવિસ્તાર વર્ણન આપો. તની શરૂઆત, ધીમે ધીમે તે કઇ રીતે વધી અથવા વધારે ખરાબ થઇ તથા તેનો ફેલાવો. આ સાથે અન્ય સારવારની તેના પર થયેલી અસર વિષેની માહિતી જરૂરી છે. આ વિગતો નીચે મુજબ નો ખ્યાલ આપશે.

(1) બીમારી નું ક્ષેત્ર: જે જગ્યાએ બીમારી છે તે, તેનો ફેલાવો, તેની દિશા અને શરૂઆત થી આજ સુંધી થયેલા ફેરફારોનું વર્ણન.

(2) તકલીફ વાળા ભાગમાં અનુભવાતી સંવેદના- પીડાનું વર્ણન તથા વિગત.
(3) બીમારી ઉદભવ થવાના કારણો, બીમારી જે સમયે ઉદભવ પામી તે સમયના સંજોગોનું અવલોકન કરી વિચારપૂર્વક વિગતવાર માહિતી આપો. આ સાથે તે સમય ની માનસીક પરીસ્થીતિ નું વર્ણન પણ કરો. શારીરિક તથા માનસીક પાસાઓ વિષે લખો.
(4) જે પરીસ્થિતિ બીમારી માં વધારો કે ઘટાડો કરે તેનું વર્ણન કરોં
(5) મુખ્ય ફરિયાદની સાથે અને એ જ સમયે જો તકલીફ થતી હોય તો તેના વિષે જણાવવું. દા.ત. પરસેવો, મોળ, ઉલટી, વાયુ (ગેસ) અન્ય વેદના કે દુઃખાવા સાથે.

## બીજી ફરીયાદો કે વ્યાધીઓ

અત્યારની કે પહેલા અનુભવાયેલી બધીજ બીમારીઓનું વર્ણન કરો. દરેક ફરિયાદ ઉપર મુખ્ય ફરિયાદમાં જણાવ્યા અનુસાર વર્ણન કરો.

## વ્યક્તિગત માહિતી

નીચે આપેલા મુદ્દાઓ વિષે પુરેપુરી માહિતી આપો.

(1) તમારૂં શારીરિક વર્ણન.
(2) તમારો સ્વભાવ, બૌધ્ધિક સફળતાઓ તથા આકાક્ષાઓ અને અપેક્ષાઓનું વિવરણ કરો. કેટલી હદે તમે એ મહત્વકાક્ષાંઓ પરીપૂર્ણ કરીછે. તે પણ જણાવો. તમારા કુટુંબીજનો, સબંધીઓ, મિત્રો સાથેના સબંધોનું સ્પસ્ટ ચિત્ર રજૂ કરો તથા તેમના વિષે તમારી શું લાગણીઓ છે તે જણાવો. તમે કઇ કઇ જવાબદારીઓ નિભાવી રહ્યા છો. કઇ જવાબદારીઓ ચૂક્યા છો તેના વિષેનું વર્ણન કરો.
(3) નીચે દર્શાવેલ વિગતો વિષે તમારી આદતો જણાવો તથા પરિસ્થિતિઓની તેના પર થતી અસર વિષે વર્ણન કરો.
   (ક) ખાવા-પીવાની વસ્તુઓ માં જે તમને વધુ પસંદ/ ના-પસંદ હોય તે લખો.
   (ખ) સામાન્ય વાતાવરણઃ- આબોહવા, ઉષ્ણતામાન, સ્નાન (ગરમ કે ઠંડા પાણીથી) મનોરંજન વ્યસનો વગેરે....વગેરે
   (ગ) નિંદ્રા અને સ્વપ્ના.
   (ઘ) જાતિય જીવન વિષેની સ્પષ્ટ માહિતી. (અહીં સ્ત્રીએ માસીક અને પ્રસુતિ વગેરે વિષેની માહિતી પણ લખવી.)

## ભૂતકાળની બીમારીઓ

ભૂતકાળની બધીજ બીમારીઓનો સારાંશ અને તેને અત્યારની બીમારી સાથે કેટલો સંબંધ છે જણાવો.

## કૌટુંબીક બીમારીઓ નું વર્ણન

માતા, પિતા, ભાઇઓ, બહેનો, પતિ કે પત્ની તથા બાળકોના સ્વાસ્થય વિષે જણાવો.

## અન્ય જાણકારી

આ ઉપરાંત (ઉપરની સૂચનાઓ માંથી) કોઇ બાબત બાકી રહી જતીહોય કે તમને વિશેષ કાંઇ જણાવવું હોય તે જણાવો.

**આ સાથે આપેલ- અન્ય કોઇ તપાસ(લોહી, પેશાબ,ઝાડો કે અન્ય) કરાવી હોય તો તેના રિપોર્ટસ ની નકલો, એક્સ-રે ફોટો તથા રિપોર્ટસ તેમજ ઇલેક્ટ્રો કાર્ડિયો ગ્રામ (ECG) રિપોર્ટસ વગેરે આપવી.**

## લખાણ ની રજૂઆત

તમારૂં લખાણ ફાઇલ કરવામાં આવશે, માટે તેના પ્રત્યેક પાનાને ક્રમવાર આંકડો આપવો. લ્ખાણ અલગ કાગળમાં આપવું.